RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 288, Dt.24-01-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાત ભાજપના મોટાભાગના સાંસદો પર ટિકીટની લટકતી તલવાર



## રાજ્યમાં મોટો પ્રયોગ શરૂ કરાયોઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ફરી ચૂંટણી લડશેઃ સૌરાષ્ટ્રમાંથી પુનમબેન માડમની રીપીટ થવાની શકયતા વધુઃ ફકત નરેન્દ્ર મોદીના આધારે જ ચૂંટણી જીતતા ઉમેદવારો કપાઈ જશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશમાં આગામી સમયમાં યોજાનારી લોકસભા ચૂંટણીની તૈયારીમાં ભાજપે હવે અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિર અને બિહાર સહિતના રાજયોમાં દલિતો-પછાતોના વિશાળ સમુદાયને સાથે લેવા માટે કર્પુરી ઠાકુરને નભારત રત્નથની જાહેરાતની એક બાદ એક રાજકીય ચાલ ચાલીને તેની સરસાઈ મજબૂત બનાવી છે તો સાથે ગઈકાલે રાજયની તમામ ૨૬ બેઠકો પર ઉમેદવાર કોણ તેની ચિંતા કર્યા વગર જ જે રીતે કમળ-મધ્યસ્થ ચુંટણી કાર્યાલય શરૂ કરી પ્રચારના શ્રી ગણેશ પણ શરૂ કર્યા છે તે બાદ હવે છેલ્લા ત્રણ માસથી પક્ષના વર્તમાન સાંસદોના રીપોર્ટ કાર્ડમાં 'નેગેટીવ' કાર્ડ વધુ હોવાથી આગામી ચુંટણીમાં પક્ષ અત્યંત નવા ચહેરાઓને લોકસભા ચૂંટણીમાં મેદાનમાં ઉતારવા આગળ વધી રહી હોવાના સંકેત છે.

પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૧૪થી ૨૦૨૪નો દશકો એ પક્ષ અને સરકારની છબી મજબૂત બનાવીને ચૂંટણી જીતવાનું અત્યંત સરળ બને તે સ્થિતિ સર્જવામાં સફળતા મળી છે અને જેમાં ગુજરાતમાં ૨૦૨૨ની ધારાસભા ચૂંટણી બાદ મંત્રીમંડળની રચનાથી સરકારના પંચાયત ચુંટણીમાં નવા પ્રયોગો કર્યા છે અને હવે તે લોકસભા ચુંટણીમાં પક્ષ હવે તદન નવી કેડરને આગળ ધપાવશે અને બે-ત્રણ અપવાદ સિવાય રાજયના તમામ સાંસદોને ટિકીટ કપાઈ શકે છે.

ગઈકાલે જ અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના ચુંટણી કાર્યાલયનો પ્રારંભ કરતા પક્ષના ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલે આ બેઠક પર ફરી અમીતભાઈ શાહ લડશે તે નિશ્ચિત કરી દીધુ છે તો અન્ય બે માં નવસારીના ભાજપના સાંસદ સી.આર.પાટીલ તથા જામનગરના પુનમબેન માડમ રીપીટ થશે તેવા સંકેતો છે.

### રાજયના કયા સાંસદો કપાશે ?

નારણ કાછડીયા, ખેડા દેવુસિંહ ચૌહાણ, આણંદ મિતેષ પટેલ, પંચમહાલ શામસિંહ રાઠોડ, છોટા ઉદેપુર, ગીતાબેન રાઠવા, વડોદરા રંજનબેન ભટ્ટ, બારડોલી પ્રભુ વસાવા, સુરત દર્શનાબેન જરદોષ, વલસાડ કે.સી.પટેલ, બનાસકાંઠા પરબત પટેલ, સાબરકાંઠા દીપસિંહ રાઠોડ, પાટણ ભરત ડાભી અને મહેસાણા શારદાબેન પટેલ, અમદાવાદ પૂર્વ હસમુખ પટેલ, અમદાવાદ પશ્ચિમ કિરીટ સોલંકી, સુરેન્દ્રનગર ડો. મહેન્દ્ર મુંજપરા, રાજકોટ મોહન કુંડારીયા, પોરબંદર રમેશ ધડુક અને કચ્છના વિનોદ ચાવડાનો સમાવેશ થાય છે. મહેસાણાના સાંસદ શારદાબેન પટેલે ચુંટણી લડવાની અનિચ્છા જાહેર કરી છે.

# અયોધ્યામાં રામલલ્લાના દર્શન માટે આજે પણ લાખો શ્રધ્ધાળુઓ ઉમટી પડતા વ્યવસ્થા ખોરવાઈ

## પહેલાં દિવસે પાંચ લાખથી વધુ ભાવિકો ઉમટયા હતાઃ લોકોને શાંતિ જાળવવા મુખ્યમંત્રી યોગીની અપીલ

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા બાદ ગઈકાલે આમજનતા માટે રામલલ્લાના દર્શન ખુલતા લાખો ભાવિકો રામલલ્લાના દર્શને ઉમટી પડયા હતા. ગઈકાલે પાંચ લાખથી વધુ લોકોએ રામલલ્લાનાં દર્શન કર્યા હતા અને આજે પણ લાખો ભકતોનો માનવ મહેરામણ રામલલ્લાનાં દર્શન માટે ઉમટી પડયો હતો.

સોમવારે પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ બાદ અયોધ્યા અને આસપાસનાં જીલ્લા અને રાજયોમાંથી આવેલા શ્રધ્ધાળુઓની ભીડ થવા લાગી હતી. મધરાત્રે જ મંદિર બહાર લોકો જમા થવા લાગ્યા હતા મોટી મોટી કતારો લાગી હતી.સવારે ૭ વાગ્યે જ મંદિર



ખુલતા અંદર જવા હોડ લાગી હતી. ભીડ અને ધકકામુકકીમાં કેટલાંક લોકો બેભાન થઈ ગયા હતા.

પરિસ્થિતિ સંભાળવામાં તંત્રને પગે પાણી આવી ગયા હતા.રામમંદિરે લોકોની ભીડ જોતા અયોધ્યા જતી બસો કેન્સલ કરાર હતી. સીમાઓ સીલ કરાઈ હતી. ૮૦૦૦ થી વધુ પોલીસ અને પેરામીલીટરીનાં જવાન, સુરક્ષા કર્મીઓ ભીડને કાબુમાં લેવામાં લાગી ગયા હતા.આજ બીજા દિવસે પણ રામમંદિરે ભારે ભીંડ પહોંચવુ શરૂ કરી દીધુ હતું.

હનુમાન મઢી મંદિરની બહાર પોલીસ તૈનાત કરી દેવાઈ છે. અયોધ્યા મંદિરમાં ભારે ભીડને લઈને યુપીનાં સ્પેશ્યલ એડીજી (કાનુન વ્યવસ્થા) પ્રશાંત કુમારે જણાવ્યુ હતું કે મુખ્ય ગૃહ સચીવ અને મને અહી વ્યવસ્થાઓ જોવા માટે મોકલાયા છે. અમે ભીડ નિયંત્રણ માટે કતાર પ્રણાલીમાં સુધારા કર્યા છે.

# પ્રજાસત્તાક દિનની પરેડમાં નારી શક્તિનો દબદબોઃ પહેલીવાર દેશની ત્રણેય સેનાઓની મહિલાઓની ટુકડી પરેડમાં પ્રતિનિધિત્વ કરશે

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ મુખ્ય અતિથિ, ફ્રાન્સની ટુકડી માર્ચ કરશેઃ પરેડમાં ૮૦ ટકા મહિલાઓ હશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ્રજાસતાક દિન પર્વની પરેડમાં આ વર્ષે પહેલી વાર ભારતની નારી શક્તિ છવાયેલી રહેશે. પરેડમાં ૮૦ ટકા મહિલાઓ હશે, આવું પહેલીવાર છે જયારે મોટી સંખ્યામાં ઓલ વિમેન ટુકડી માર્ચ કરશે.

ભારતીય સેનાની આર્ટિલરી મહિલા ઓફિસર પણ પહેલી વાર કર્તવ્ય પથ પર જોવા મળશે. સાથે સાથે સેનાની મીડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ પણ પહેલીવાર પ્રજાસતાક દિન પરેડમાં સામેલ થશે. ફ્રાન્સની માર્ચીંગ ટીમ પણ પરેડનો ભાગ બનશે અને ફ્રાન્સીસી ફાઈટર જેટ રાફેલ પણ ઉડાન ભરશે.

સેનાના દિલ્હી એરિયાના ચીફ ઓફ સ્ટાફ મેજર જનરલ સુમીત મહેતાએ જણાવ્યું હતું કે પરેડમાં ૮૦ ટકા મહિલાઓ હશે. પહેલીવાર ટ્રાઈ સર્વિસ



ટુકડી, મતલબ આર્મી, નેવી અને એરફોર્સની મહિલાઓની ટુકડી પણ માર્ચ કરશે. તેમાં આર્મીની સીએમસીની મહિલાઓ અને નેવી અને એરફોર્સની મહિલા અગ્નિવીર પણ હશે, જેને ઈન્ડિયન આર્મીની ઓફિસર લીડ કરશે. સીએપીએફની પણ ઓલ વીમેન ટુકડી છે અને બીએસએફની ઉંટ સવાર ટુકડીમાં પણ મહિલાઓ હશે.

સેનાના આર્ટિલરી મહિલા ઓફિસર પણ પહેલીવાર પરેડમાં ભાગ લેશે. ગત વર્ષે એપ્રિલમાં ૫ મહિલા ઓફિસર આર્ટિલરીમાં સામેલ થઈ હતી અને પાંચ મહિલા ઓફિસર સપ્ટેમ્બરમાં આર્ટિલરીનો ભાગ બની હતી.

પરેડમાં પહેલીવાર સેના એમઆરએસએએમ (મિડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ) જોવા મળશે. તેને લીડ કરશે. સેનાની સુમેધા તિવારી, લેફટીનન્ટ તિવારીએ જણાવ્યું હતું કે આ મિસાઈલની ખાસિયત એ છે કે તે દુશ્મનના ડ્રોન ફાઈટર જેટ, ક્રુઝ મિસાઈલને લોંગ રેન્જમાં જ ઈંગેજ કરીને તેને નષ્ટ કરી નાખશે. ફ્રાન્સની ફોરેન લીજનની માર્ચીંગ ટુકડી પણ પરેડમાં સામેલ થશે. મેજર જનરલ સુમીત મહેતાએ જણાવ્યું હતું કે પરમવીર અને અશોક ચક્ર વિજેતાઓની પાછળ ફ્રાન્સની માર્ચીંગ ટુકડી હશે, જયારે ફ્રાન્સની ટુકડી માર્ચ કરી રહી હશે ત્યારે આકાશમાં ફ્રાન્સનો બે રાફેલ ફાઈટર જેટ અને મલ્ટી રોલ ટ્રાન્સપોર્ટ ટેન્કર ઉડાન ભરશે.

# નવ વર્ષમાં આઈટી રિટર્ન ભરવાની સંખ્યા ડબલ થઈઃ ૭.૮ કરોડ રિટર્ન ફાઈલ થયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં આવકવેરા વસુલાતની સાથોસાથ રીટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યા પણ વધી રહી છે. કરવેરા વિભાગ દ્વારા આધુનિક ટેકનોલોજી સાથે કડક વલણ અને વહીવટી સરળીકરણ ઉપરાંત નિયમ પાલન વિશે વધતી જાગૃતિથી છેલ્લા નવ વર્ષમાં આવકવેરા રીટર્ન દાખલ કરનારાની સંખ્યા ડબલ થઈ ગઈ છે. ચાલુ વર્ષે ૭.૮ કરોડ લોકોએ રીટર્ન ફાઈલ કર્યા છે.




કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડે ૨૦૨૨-૨૩ ના ડેટા ઓર્ડર કર્યા છે.તેમાં ૭.૮ કરોડ રીટર્ન ફાઈલ થયાનું દર્શાવ્યું છે. ૨૦૧૩-૧૪ ના વર્ષમાં આ સંખ્યા ૩.૮ કરોડ હતી. તેની સરખામણીએ ૧૦૫ ટકાનો વધારો છે. ૨૦૨૨-૨૩ માં ૮.૨ લાખ કરોડની વસુલાત માત્ર ટીડીએસ મારફત થઈ હતી. જયારે ૭.૩ લાખ કરોડ એડવાન્સ ટેકસ પેટે વસુલાયા હતા. સેલ્ફ એસેસમેન્ટ મારફત ૧.૩ લાખ કરોડ મળ્યા હતા.

આવકવેરા વિભાગ દ્વારા નકરદાતાથની વ્યાખ્યામાં રીટર્ન ફાઈલ કરનારાનો સમાવેશ સરળ જ છે. ઉપરાંત રીટર્ન ન ભરતા હોવા છતા ટીડીએસ કપાત થતી હોય તેવી વ્યકિતને પણ કરદાતા ગણવામાં આવે છે.

રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે ૯ વર્ષમાં ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ દ્વારા ૧૦૫ ટકા વધ્યા છે.જયારે ટેકસ વસુલાતમાં ૧૬૦.૫ ટકાની વૃધ્ધિ છે જે નાણા વર્ષ ૨૦૧૪ મા ૬૩૮૫૯૬ કરોડ હતી અને ૨૦૨૨-૨૩ માં વધીને ૧૬૬૩૬૮૬ કરોડ થઈ હતી.કેન્દ્ર સરકારે સીધા કરવેરા પેટે ૧૮.૨ લાખ કરોડની ટેકસ વસુલાતનો ટારગેટ રાખ્યો છે. જે ગત નાણાં વર્ષની ૧૬.૬ લાખ કરોડની વસુલાત સામે ૯.૬ ટકા વધુ છે. આ સીધા કરવેરામાં વ્યકિતગત તથા કોર્પોરેટ ટેકસનો પણ સમાવેશ થઈ જાય છે.


# આજી જીઆઈડીસીમાં આવેલ કમાણી ઈન્સ્ટ્રીઝમાં રૂ.૧૪ લાખની ચોરી

## અજાણ્યા તસ્કરોએ કારખાનાના શટર તોડી ઓફિસના ટેબલના ખાનામાંથી રોકડ ઉઠાવી ગયાઃ પોલીસ કમિશનર અને થોરાળા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયોઃડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોની મદદ લઈ તસ્કરોનું પગેરૂ મેળવવા પોલીસની ક્વાયત





(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ગતસપ્તાહે સામાકાંઠે સંતકબીર રોડ પર આવેલ ઈમીટેશન માર્કેટમાં ત્રણ દુકાનોમાં તાળા તોડી રૂ.૧૦ લાખની મત્તાની ચોરી ગયાની ઘટનાની સાહી હજુ પોલીસ ચોપડે સૂકાઈ નથી ત્યારે વધુ એક રૂ.૧૪ લાખની ચોરી થયાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના સામાકાંઠે થોરાળા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ આજી જીઆઈડીસી વિસ્તારમાં આવેલ કમાણી ઈન્સ્ટ્રીઝ નામના કારખાનામાં ગત રાત્રીના અજાણ્યા તસ્કરોએ પરોણા કરી કારખાનામાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઓફિસના ટેબલના ખાનામાં રાખેલા રોકડા રૂ.૧૪ લાખની માતબર રકમ ઉઠાવી જઈ ચોરી કરી ગયા હતા. આ ઘટનાની જાણ કારખાના માલીક અમિતભાઈ કામાણીએ થોરાળા પોલીસને જાણ કરવામાં આવતા પીઆઈ બી.એમ.જણકાંટ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા ડિસીપી ક્રાઈમ તથા ડિસીપી ઝોન-૧ ક્રાઈમ બ્રાંચના પીઆઈ સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી રહયા હતા. પોલીસે ડોગ સ્કોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ તસ્કરોનું પગેરૂ મેળવવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરી છે.

# માલીયાસણ ગામ પાસે બંસલ પેટ્રોલ પંપ પર ગેરકાયદે પેટ્રોલની બોટલ ભરાતી હોવાનું હોવાનું સામે આવ્યું


**મુખ્ય સમાચાર રાજકોટ**

દેશ અને રાજ્યમાં કોમવાદના કારણે હુલળની ઘટનાઓ સામે આવતી હોય જેનાપગલે સામસામે લોકો દ્વારા પેટ્રોલબોમ્બ ફેક્વામાં આવતા હોય જેના કારણે મોટી ઘટનાઓ બનતી હોય અનેક લોકોના મૃત્યુ થાય તેવી ઘટના ભૂતકાળમાં અનેક્વાર બની હોય જેનાપગલે સરકાર દ્વારા પેટ્રોલપંપ પર શીશામાં પેટ્રોલ ભરી વેંચાણ કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હોય તેમ છતાંય કેટલાક પેટ્રોલપંપના સંચાલકો દ્વારા આ રીતે શીશામાં પેટ્રોલનું વેંચાણ કરતા હોવાની ઘટના સામે આવી છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા







## પૂરવઠા વિભાગ દ્વારા પેટ્રોલ શીશામાં ભરી વેંચાણ ન કરવાની સૂચનાનો ઉલાળ્યોઃ અયોધ્યામાં રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે આ ઘટના સામે આવતા ભારે ચક્ચાર

૨૨-જાન્યુઆરીના રોજ અયોધ્યામાં નીર્માણ પામેલા શ્રીભગવાન રામના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી હતી ત્યારે રાજકોટ શહેરમાં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા સુલેશાંતિ ભંગ ન થાય તે માટે શહેર પોલીસ કમિશનર દ્વારા તાકીદ કરવામાં આવી હતી. આ સમયે જ રાજકોટની ભાગોળે એક પેટ્રોલપંપ પર ફિલર દ્વારા એક વ્યક્તિને પેટ્રોલ અનેક શીશાઓ ભરી દેવામાં આવતા હોય તેઓ વિડિયો વાઈરલ થતા ભારે હડકંપ જવા પામ્યો છે.

આ વિડિયો ઉતારતી વેળાએ જાગૃત નાગરિક દ્વારા પૂછવામાં આવે છે કે પેટ્રોલપંપનું નામ શું છે અને ગેરકાયદેસર રીતે કેમ શીશામાં પેટ્રોલ ભરો છો તેઓ સવાલ ઉઠાવવામાં આવે છે. આ પેટ્રોલપંપ માલીયાસણ ગામ પાસે આવેલ બંસલ પેટ્રોલપંપ હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાની ગંભીરતા જો અધિકારીઓ નહીં લે તો આવનારા દિવસોમાં શહેરમાં કોઈ મોટી ઘટના બને તેવા અણસાર આવી રહયા છે.

# મોરબીના વાવડી રોડ પર મોપેડમાંથી વિદેશી દારૂની ૧૦ બોટલ ઝડપાઈઃ મહિલા આરોપીની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એ ડિવિઝન પોલીસે વાવડી રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ પાર્ક સોસાયટીમાં રહેણાંક મકાનની બહાર પાર્ક કરેલ મોપેડમાંથી વિદેશી દારૂની ૧૦ બોટલ ઝડપી લીધેલ હતી. દરોડા દરમિયાન વિદેશી દારૂનો જથ્થો તેમજ મોપેડ કબ્જે લઇ આરોપી મહિલા હાજર મળી ન આવતા તેની વિરુદ્ધ પ્રોહી.હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો હતો. હાલ પોલીસે આરોપી મહિલાને ઝડપી લેવા શોધખોળ શરુ કરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી સીટી એ ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે વાવડી રોડ સ્વામિનારાયણ પાર્કમાં રહેતી આરોપી મહિલા પોતાના રહેણાંક મકાન બહાર પાર્ક કરેલ જ્યુપીટર મોપેડમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. જે મળેલ બાતમીને આધારે તાત્કાલિક હકીકત મુજબની જગ્યા ઉપર દરોડો પાડતા રહેણાંક બહાર પાર્ક કરેલ જ્યુપીટર રજી.નં. જીજે-૩૬-એએચ-૦૦૪૪ની ચાવી જ્યુપીટરમાં જ હોય જેથી ચાવીથી ડેકી ખોલી તપાસ કરતા અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૦ બોટલ ઝડપી લેવામાં આવી હતી. જયારે દરોડા દરમિયાન મહિલા આરોપી રેખાબેન લલીતભાઈ વઘોરા રહે.વાવડીરોડ નેરા પેટ્રોલ પંપ પાછળ સ્વામીનારાયણ પાર્ક સોસાયટી મોરબી હાજર મળી આવેલ ન હતી જેથી મોરબી એ ડિવિઝન પોલીસે આરોપી મહિલાને ફરાર દર્શાવી તેની સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુન્હો નોંધી મહિલા આરોપીને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજુલા તાલુકાના બર્બટાણા ગામ નજીક સસલાના શિકાર કરતા ત્રણ શખ્સોને ઝડપી પાડતી વન્યજીવ રેન્જ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**



**રાજુલા:** રાજુલાના વાવેરા બર્બટાણા રેલવે ટ્રેક વિસ્તારમાં સસલાના શિકાર કરી લઈ જતા શિકારીઓને વન્યજીવ રેંજ દ્વારા ઝડપી લઇ કાર્યવાહી કરાઈ હતી નાયબ વન સંરક્ષક શેત્રુંજી વન્ય જીવ વિભાગ પાલીતાણાના માર્ગદર્શન હેઠળ તેમજ મદદનીશ વન સરક્ષક અમરેલીની સૂચના હેઠળ તેમજ વાય એમ રાઠોડ રેન્જ ફોરેસ્ટ ઓફિસર વન્યજીવ રેન્જ રાજુલાના સીધા માર્ગદર્શન થી વન્ય પ્રાણી શિકારની પ્રવૃત્તિને સદંતર ડામવાના ભાગરૂપે બાતમીના આધારે રાજુલાના વાવેરા રેલવે ટ્રેક વિસ્તાર નજીકથી બે સસલાનો શિકાર કરી માસના ટુકડા રાંધવા માટે લઈ જતા ભગત રણછોડ પરમાર,ભરત ખીમા પરમાર અને અલ્પેશ ખીમા પરમારને ઝડપી પાડી વન વિભાગ દ્વારા કાર્યવાહી કરી આરોપીઓ પાસેથી રૂપિયા ૭૫ હજારનો દંડ વસુલી જામીન પર મુક્ત કર્યા હતા આ કામગીરીમાં આર પી વઘાસિયા રાઉન્ડ ફોરેસ્ટર ધારેશ્વર,એચ આર બારૈયા વનરક્ષક બર્બટાણા બીટ, સંજયભાઈ બારૈયા ટ્રેકર્સ ધારેશ્વર,તેમજ યુવરાજભાઈ ધાખડા આપાતકાલીન ટ્રેકર્સ સહિત જોડાયા હતા

# મોરબી સબ જેલમાંથી આજીવન સજા પામેલા મહિલા કેદી અને પુરુષ કેદી મુક્ત

## મોરબી સબ જેલમાં હત્યાના ગુનામાં આજીવન સજા પામેલા મહિલા કેદી અને પુરુષ કેદીને રાજ્ય સરકારના પરિપત્ર મુજબ મુક્ત કરાયા



**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી સબજેલ માંથી આજીવન કેદની સજા પામેલ એક પુરુષ કેદી અને એક મહિલા કેદી ને મુક્ત કરવામાં આવતા છૂટેલા કેદીઓ અને તેમના પરિવાર સાથે મિલન થવાના દ્રશ્યો જોઈને હાજર સૌ કોઈ ભાવ વિભોર બની ગયા હતા.

મોરબી સબજેલ માં પુત્રવધૂ ના આત્મહત્યા કેસમાં આજીવન કેદની સજા પામેલ કુંવર બેન નગવાડિયા એ ૧૬ વર્ષ મોરબી સબજેલ માં વિતાવ્યા હતા તેમજ અન્ય કેદી જાનમામદ ભટ્ટી પણ હત્યાના ગુનામાં આજીવન કેદની સજા મળી હતી જે કેસમાં તેઓએ ૧૮ વર્ષ મોરબી સબ જેલમાં વિતાવ્યા હતા.તેમજ આ બંન્ને કેદીઓ ના સારા વર્તન સહિતના તમામ સકારાત્મક પાસાઓ તપાસીને મોરબી જિલ્લા કલેક્ટરને અધ્યક્ષતામાં કમિટી રચાઈ હતી અને એક રિપોર્ટ તૈયાર કરી ને રાજ્ય સરકાર ને મોકલવામાં આવ્યો હતો જે બાદ આ બંને કેદીઓને મુક્ત કરવાનો હુકમ આવતા આજ રોજ મુક્ત કર્યા હતા ત્યારે બંને કેદીઓ એ મુક્ત થયાની સાથે જ પરિવાર જનો સાથે મુલાકાત થાય ભાવવિભોર બની ગયા હતા અને હર્ષના અશ્રુ જોવા મળી રહ્યા હતા ત્યારે બંને કેદીઓએ સંદેશો પણ આપ્યો હતો કે જેલમાં જવું પડે તેવા કામ કોઈએ ન કરવા જોઈએ.

તેમજ જેલ મુક્ત થયેલ મહિલા કેદી કુંવર બેન ની દીકરી તેમણે લેવા આવી હતી તેઓએ જણાવ્યું હતું કે જ્યારે કુંવર બેન જેલમાં ગયા હતા ત્યારે તેઓને બે દીકરી અને એક દીકરો એમ ત્રણ સંતાનો હતા ત્યારે જેલવાસ ના ૧૬ વર્ષ દરમિયાન ત્રણ સંતાનો પૈકી એક દીકરો અને એક દીકરી એમ બે સંતાનો મૃત્યુ પામ્યા છે અને હાલમાં એક દીકરી જીવિત છે ત્યારે આવા કામો કરવાથી પરિવારનો માળો વિખાઈ જતો હોય છે તો લોકોએ આવા કામ ન કરવા જોઈએ એવો સંદેશ પણ પાઠવ્યો હતો.

# ગુજરાતની તમામ લોકસભા બેઠકની સાથે ભાવનગર બેઠકના મધ્યસ્થ કાર્યાલયનો બ્રિજેશ મેરજાની ઉપસ્થિતમાં શુભારંભ

**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાતની તમામ લોકસભા સીટના મધ્યસ્થ કાર્યાલયોનું ઉદઘાટન આજે થયું છે ત્યારે ભાવનગર લોકસભા સીટના મધ્યસ્થ કાર્યાલય શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહી રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડડા નું, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન નિહાળી માર્ગદર્શન મેળવ્યું.


આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા. સાંસદ ડો. ભારતીબેન શિયાળ, પૂર્વ મંત્રી જીતુભાઇ વાઘાણી, લોકસભા સીટના પ્રભારી અને પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા, સંયોજક અને પૂર્વ શહેર ઉપપ્રમુખ હરુભાઈ ગોંડલિયા, પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પ્રભારી ચંદ્રશેખરભાઈ દવે, શહેર ભાજપ અધ્યક્ષ અભયસિંહ ચૌહાણ,મેયર ભરતભાઈ બારડ, શહેર ભાજપના મહામંત્રીઓ, મ્યુનિ. કોર્પોરેશનના પદાધિકારિઓ, જિલ્લા ભાજપના પ્રમુખ-મહામંત્રીઓ, પૂર્વ સાંસદ રાજુભાઈ રાણા, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ ગિરીશભાઈ શાહ, ટી.એમ.પટેલ, સંગઠનના હોદ્દેદારો-આગેવાનો, કોર્પોરેટરઓ અને કાર્યકર્તા ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.




# ગોપાલ રત્ન એવોર્ડથી સન્માનિત જામનગર ગૌશાળાના સંચાલકને દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા વિશેષ આમંત્રણ

**મુખ્ય સમાચાર, જામનગર**

ગોપાલ રત્ન એવોર્ડથી સન્માનિત જામનગરના ગૌશાળા સંચાલકને દિલ્હી ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા વિશેષ આમંત્રણ.સરકારની આર્થિક સહાયથી આજે ગૌ સેવાની સાથે એક નવીન વ્યવસાય સ્થાપવામાં પણ મને સફળતા મળી-ધર્મેન્દ્રભાઈ કારાવદરા.ગૌ સંવર્ધન ક્ષેત્રે અદકેરું કામ કરનાર જામનગરના ગૌશાળા સંચાલક અને ભારત સરકાર દ્વારા ગોપાલ રત્ન એવોર્ડથી સન્માનિત ધર્મેન્દ્રભાઈ કારાવદરાને ભારત સરકાર દ્વારા આગામી ૨૬ જાન્યુઆરીના રોજ દિલ્હી ખાતે યોજાનાર પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય ઉજવણીમાં અતિથિ વિશેષ તરીકે સહભાગી થવા આમંત્રણ અપાયું છે.આ માટે ધર્મેશભાઈએ ભારત સરકાર તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો અંત:કરણ પૂર્વક આભાર વ્યક્ત કરતા સહર્ષ જણાવ્યું છે કે ગૌ સેવાનું મને મળેલું આ શ્રેષ્ઠતમ ફળ છે.જામનગરના મિયાત્રા ગામે સરિતા ગીર ગૌ સંવર્ધન કેન્દ્રના સ્થાપક ધર્મેન્દ્રભાઈ અહીં પોતાની ગૌશાળા ચલાવે છે અને પોતાની આ ગૌ શાળામાં ૨૫૦ જેટલી ગીર ગાયોની વિશેષ માવજત અને સંવર્ધન કરે છે.







પરિવારના સભ્યની જેમ જ ગાયોની થતી માવજત.ધર્મેન્દ્રભાઈ જણાવે છે કે અમારી ગૌ શાળાની તમામ ગાય એ અમારા માટે અમારો પરિવાર છે.ગાયોને ઉનાળામાં ગરમી ન લાગે તે માટે અંદાજિત નવ ડિગ્રી જેટલું તાપમાન ઓછું રહે તે પ્રકારના વિશેષ સેડ તૈયાર કરવામાં આવ્યા છે.ગાભણ ગાયો માટે એક અલાયદી જગ્યાની વ્યવસ્થા છે જ્યાં તેમના ખાન પાન વગેરેની વિશેષ કાળજી લેવાય છે.ગાયોને માખી મચ્છરની કનડગત ન રહે તે માટે તમામ સ્થળોએ મોસ્કીટો કિલર મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.ગાયો માટે આપમેળે પાણી ભરાઈ જાય તે પ્રકારની ખાસ કુંડીઓ ઉભી કરવામાં આવી છે. અહીં દરેક ગાયનો ડેટા જનરેટ કરવામાં આવે છે અને તેનો અભ્યાસ કરવામાં આવે છે. ગૌમૂત્ર એકત્ર કરવા માટે ૧૬ કુંડીઓ બનાવવામાં આવી છે જે ગૌમૂત્ર પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે ઉપયોગમાં લેવાય છે.

**હોટલના રૂમબોયને સરકારની સહાયથી નવી પાંખો મળી**

ધર્મેન્દ્રભાઈ જણાવે છે કે હું પોરબંદર ખાતેની એક હોટલમાં રૂમ બોય તરીકે કામ કરતો.અમારા પરિવારની આર્થિક સ્થિતિ અતિ સામાન્ય હતી.આવા સમયે એકાદ વર્ષની મને માંદગી આવી.તપાસ કરતા જણાયું કે ભેળસેળ વાળા દૂધથી આ સમસ્યાઓ થઈ રહી છે.જેથી ઘરમાં એક ગાય વસાવવાનું નક્કી કર્યું અને ત્યારબાદ ગાય પ્રત્યેની લાગણી એવી વધી કે બાપ દાદાની મિલકત વહેંચીને ગૌ પાલનને એક વ્યવસાય તરીકે આગળ વધારવાની નેમ લીધી. ભારત સરકાર દ્વારા મને વર્ષ ૨૦૧૭ માં ગોપાલ રત્ન એવોર્ડ થી સન્માનિત કરાતા મારો ઉત્સાહ ઔર વધ્યો.

**સરકાર દ્વારા રૂ.બે કરોડની સબસીડી મંજૂર કરવામાં આવી**

ધર્મેન્દ્રભાઈ જણાવે છે કે મારો આ ઉધમ વધુ વિકસે તે માટે તાજેતરમાં જ સરકાર દ્વારા મને રૂ.બે કરોડની સબસીડી મંજૂર કરવામાં આવી જે મારા જેવા નાના માણસ પરનો સરકારનો ભરોસો અને ગૌ સંવર્ધન ક્ષેત્રે સરકારની દ્રઢ મક્કમતાના દર્શન કરાવે છે.બે કરોડ જેટલી માતબર રકમ ડિજિટલ પેમેન્ટના માધ્યમથી અને ખૂબ જ પારદર્શિતાથી ધર્મેન્દ્રભાઈને પ્રાપ્ત થતાં તેઓએ સરકારની આ પહેલને બિરદાવી છે.

**ગૌ શાળાના માધ્યમથી અનેક ઉત્પાદનોના વેચાણનું આયોજન**

આ ગૌ શાળાના માધ્યમથી હાલ ધર્મેન્દ્રભાઈ દૂધ, ઘી, સેન્દ્રીય ખાતર, ગૌ મૂત્ર વગેરેનું વેચાણ કરી રહ્યા છે જ્યારે આગામી સમયમાં ધૂપ, દીવા, અગરબત્તી પનીર વગેરેના વેચાણનું તેઓ દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# જામનગરની સત્ય સાંઈ વિદ્યાલય દ્વારા ૧૫૧૧૧ દીવડાથી પ્રભુ શ્રીરામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા નિમિતે સત્ય સાઈ વિદ્યાલયના આંગણમાં આનંદની ઉજવણી છવાઈ ગઈ. ભારતના ઇતિહાસમાં આ મહત્વપૂર્ણ અવસરની શાળા અને તેના વિદ્યાર્થીઓએ હૃદયપૂર્વક અને ઉત્સાહપૂર્ણ ઉજવણી કરી. શ્રી સત્ય સાંઈ વિદ્યાલયનું આંગણ ૧૫૧૧૧ દીવડાથી જગમગી ઉઠયું. સત્ય સાઈ વિદ્યાલયમા માત્ર દીવડા ની જ્યોત જ નહિ પરંતુ આ ૧૫૧૧૧ દીવડાથી અયોધ્યા સ્થિત પ્રભુ શ્રી રામના મંદિર ની પ્રતિકૃતિ બનાવવામાં આવી. શાળાએ દીવડા સાથે પ્રસંગ અનુરૂપ ૨૦૦૦ ફૂટની રંગોળીથી શ્રી રામના આગમનનો હર્ષ દર્શાવ્યો. આ ભવ્ય ઉજવણીનો હેતુ શ્રી રામનું મહત્વ અને તેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વને પ્રકાશિત કરવાનો છે.સત્ય સાઈ વિદ્યાલયના ચેરમન, જામનગરના રાજવી જામ સાહેબ શ્રી શત્રુશલ્યસિંહજી જાડેજાએ પ્રથમ જ્યોત પ્રગટાવી ઉત્સવનો પ્રારંભ કર્યો હતો. જમસાહેબનો આ ભાવ આપણી સાંસ્કૃતિક વારસાને જાળવવા અને જતન કરવાની તેઓની



પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. શ્રી રામ મંદિરની પવિત્રતાને પ્રતિબિંબિત કરતો આ પ્રસંગ ભગવાન શ્રી રામના ભક્તિમાય ભજન થી ગુંજી ઉઠ્યો. ૫૦૦૦થી વધુ ઉત્સાહી સહભાગીઓના આ મહત્વપૂર્ણ પ્રસંગના સાક્ષી બન્યા. શ્રી સત્ય સાંઈ વિદ્યાલય આ ઐતિહાસિક ક્ષણનો એક ભાગ હોવાનો ગર્વ અનુભવે છે.

# મોરબીના ઉમિયા માનવ મંદિરનું અયોધ્યાના રામ મંદિરની સાથે થયું લોકાર્પણ

## ઉમિયા માનવ મંદિરની સાથે ઉમાભવન,અન્નપૂર્ણા ભવન અને ઉમા પાર્ટી પ્લોટનું થયું ઉદ્દઘાટન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના લજાઈ પાસે ભીમનાથ મહાદેવના સાનિધ્યમાં મોરબી જિલ્લાના કડવા પાટીદાર પરિવારના ૨૭૪ જેટલા નિરાધાર દરિદ્રનારાયણનો માટે ચોથી જુલાઈ - ૨૦૧૯ થી એંસી જેટલા રૂમ ધરાવતું ફાઈવ સ્ટાર હોટેલ જેવી સુવિધાઓ વાળું ઉમિયા માનવ સેવા ટ્રષ્ટ દ્વારા ઉમિયા માનવ મંદિર નિર્માણાધિન હતું.જેમાં દરેક રૂમમાં એ.સી.પ્રાર્થના હોલ પણ એસી જેમાં વડીલોને સત્સંગ કથા સાંભળવા માટે મોટી એલઈડી સ્ક્રીન,અન્નપૂર્ણા હોલમાં વડીલોને ભાવતા ભોજન પ્રસાદ માટેની વ્યવસ્થા,બે લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ કરી દરિદ્રનારાયણનોને પીવા માટેની બેનમૂન વ્યવસ્થા, કેમ્પસમાં જ ઉગાડેલા વાવેલા શાકભાજી, ફળ-ફળાદી પુરા પડવાની વ્યવસ્થા તેમજ કેમ્પસની ઉમા ગૌશાળામાંથી જ છાસ,ઘી,દૂધ વગેરે પુરા પડવાની ઉત્તમ વ્યવસ્થા,પાંચ હજાર વૃક્ષો ધરાવતું,સરોવરના કિનારે ત્રીસ વિઘા જમીનમાં પંદર કરોડ રૂપિયાથી વધુ બજેટમાં તૈયાર થયેલા ઉમિયા માનવ મંદિરમાં કડવા પાટીદાર પરિવારના ૨૭૪ જેટલા દરિદ્રનારાયણોની સંતો, મહંતો સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓની ઉપસ્થિતમાં અયોધ્યા ખાતે મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાની સાથે સાથે ઉમિયા માનવ મંદિરમાં દરિદ્રનારાયણોની પધરામણી કરવામાં આવી આ પંચામૃત સમારોહમાં



માનવ મંદિર ઉમાભવન,અન્નપૂર્ણા ભવન, પાટીદાર પાર્ટીપ્લોટનું લોકાર્પણ અને દાતાઓનું ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું આ સમારોહના અધ્યક્ષ જેરામભાઈ વાંસજાળીયા પ્રમુખ ઉમિયાધામ સિદસર દિપ પ્રજ્વલન ડી.એલ.રંગપરિયા મુખ્ય દાતા માનવ મંદિર,ઉમા ભવન,પાટીદાર પાર્ટીપ્લોટ દ્વારા થયું.ગાંઠીલા અને સિદસર ધામના સમાજ શ્રેષ્ઠીઓ મુખ્ય મહેમાન રહ્યા.સતધામ સુરતના સતશ્રી, સ્વામી પ્રેમપ્રકાસદાસજી સંસ્કારધામ -મોરબી, સંતશ્રી દામજી ભગત, નકલંક ધામ બગથળા સંતશ્રી સોહમદતબાપુ ભીમનાથ મંદિર વગેરે સંતોની સાથોસાથ,મોરબી પંથકની અગ્રણી રાજકીય હસ્તીઓ, ઉદ્યોગકારો એસોસિએશનના હોદેદારો, સમાજના શ્રેષ્ઠીઓ,પાટીદાર સંસ્થાઓના સૂત્રધારો ઉપસ્થિત રહયા હતા.પંચાંમૃત સમારોહમાં ગોપાલભાઈ ચારોલા ઉપપ્રમુખ ઉમિયા માનવ સેવા ટ્રષ્ટ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું પોપટભાઈ કગથરા પ્રમુખે ઉમિયા માનવ મંદિરના નિર્માણની સફર માનવ મંદિરના નિર્માણની જરૂરિયાત કેમ થઈ? વગેરે વાતો કરી હતી જાણીતા કથાકાર કથાકાર સતધામ સુરતના સંત સતશ્રીએ આશિર્વચન આપતા જણાવ્યું કે આજનો દિવસ ઐતિહાસિક દિવસ છે,આજના દિવસે ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ ભગવાન રામ અયોધ્યા ખાતે રામ મંદિરમાં બિરાજમાન થયા છે એમ ઉમિયા માનવ મંદિરમાં દરિદ્રનારાયણોનો પ્રવેશ થયો છે. ઈ.સ.૧૯૨૫ માં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ છજ્જ ની સ્થાપના થઈ હતી,નિર્લેપભાવ,અનાશકત ભાવે, શિસ્તબદ્ધ રીતે ૧૦૦ વર્ષથી કાર્યરત RSS નું સ્વપનું રામ મંદિર નિર્માણ થવાથી પૂર્ણ થયું છે, ૩૭૦ ની કલમ હટાવવામાં આ સંઘનો સંઘર્ષ છે,એમ પોપટભાઈ, ગોપાલભાઈની ટિમ,દાતાઓના દાન થકી આ માનવ મંદિર નિર્માણ પામ્યું છે તેમજ ભારતીય સેનાના જવામર્દ સૈનિક હરભજનસિંહની દેશભક્તિ અને રાષ્ટ્રભકતિ વિશે વાત કરી હતી,પૂર્વ કલેકટર અને અગ્રણી રાજકીય હસ્તી બી.એચ.ઘોડાસરા તેમજ જેરામભાઈ વાંસજાળીયાએ માનવ મંદિરના નિર્માણને પોતાની આગવી શૈલીમાં ઉદબોધન કરતા વધાવી લીધું હતું,અને ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનો અને ભાઈઓને નવી પેઢીને વ્યસનથી બચાવવાની શીખ આપી હતી.બરાબર બપોરે ૧૨.૨૯ વાગ્યે ભગવાન રામનું પૂજન કરવામાં આવ્યું અને સંતો,મહંતો, સમાજના શ્રેષ્ઠીઓ અને દાતાઓએ ઉપસ્થિત હજારો લોકોએ એકી સાથે ભગવાન રામની આરતી ઉતારી હતી. અંતમાં ઠાકરશીભાઈ કલોલા ત્રષ્ટી ઉમિયા માનવસેવા ટ્રષ્ટ દ્વારા આભારવિધિ કરવામાં આવી ચાર કલાક સુધી ચાલેલા સમગ્ર કાર્યક્રમનું સુચારુ,સંચાલન મોરબીના જાણીતા અને માનીતા એંકર,શિક્ષણવીદ દિનેશભાઈ વડસોલાએ કર્યું હતું.અંતમાં સૌ સમૂહ પ્રસાદ લઈ ભગવાન રામના અને દરિદ્રનારાયણોના આશીર્વાદ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

# કચ્છના બ્રેઈન ડેડ શિવમે પાંચ વ્યક્તિઓને નવજીવન આપ્યું

## મોરબીથી ગ્રીન કોરિડોર મારફતે ફેફસા, કિડની સહિતના અંગો અમદાવાદ પહોંચાડવામાં આવશેઃ મોરબી માટે આજનો દિવસ ઐતિહાસિક બન્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લામાં આજે અંગદાનનો પ્રથમ કિસ્સો સામે આવ્યો છે. અહીંનું આયુષ હોસ્પિટલમાં કચ્છના શિવમ ખાસા નામના ૧૫ વર્ષના બાળકને બ્રેઈન્ડેડ જાહેર કરાયા બાદ માતાપિતા સહિતના પરિવારજનોએ ઉમદા નિર્ણય લઈ અંગદાન કરવા નિર્ણય કરતા આજે શિવમે અન્ય પાંચ લોકોને નવજીવન આપ્યું છે. અંગદાન બાદ કિડની અને ફેફસા સહિતના પાંચ અંગોને ગ્રીન કોરીડોર મારફતે અમદાવાદ પહોંચાડવા મોરબી પોલીસે પણ વહેલી સવારથી કાબિલે દાદ કામગીરી કરી હતી.

આજનો દિવસ મોરબી માટે ઐતિહાસિક અને ગૌરવવંતો બન્યો છે. તારીખ ૨૪ જાન્યુ. ૨૦૨૪ની આજની વહેલી સવારે મોરબીની આયુષ મલ્ટી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ ખાતે જિલ્લાનું પ્રથમ અંગદાન કરવામાં આવ્યું છે. મૂળ કચ્છના ભુજ તાલુકાના જીકડી ગામના ખેડૂત રમેશભાઈ ખાસાના વ્હાલસોયા પુત્ર શિવમ ઉ.૧૫ને મગજની બીમારીના કારણે આઠ દિવસ પહેલા મોરબીની આયુષ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેઓને ડો. મિલન મકવાણા , ડો. દર્શન પરમાર, ડો. અમિત ડોડીયા, ડો. નિમેશ જૈન, ડો. ઉત્તમ પેઢડિયા, ડો. વિજય મકવાણા સહિતના ડોકટરોની ટીમ દ્વારા અદ્યતન સારવાર બાદ ડો મિલન મકવાણા ( ન્યુરો સર્જન) દ્વારા બ્રેનડેડ જાહેર કરાયા હતા.

ત્યારબાદ બ્રેઇનડેડ શિવમ ખાસાના પરિવારજનોને ડો. દર્શન પરમાર, ડો મિલન મકવાણા, ડો અમિત ડોડીયાએ અંગોનું દાન કરવા માટેની માહિતી સમજાવી હતી અને સેવાભાવી એવા આહીર પરિવારે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર દીકરા શિવમને અનેક જીવમાં જીવતો રાખવા માટે સહમતી આપી હતી







પરિવારના સભ્યો રમેશભાઈ ગોપાલભાઈ ખાસા (પિતા), કંકુબેન રમેશભાઈ ખાસા (માતા), રીનાબેન (બહેન), રિતેશભાઈ(મોટાભાઈ) , માવજીભાઈ અને હરિભાઈ (મોટા બાપા) તેમજ સુરેશભાઈ કારાભાઈ ખાસા, માવજીભાઈ કરશનભાઈ આહીર, નારણભાઈ શિવજીભાઈ કોવાડિયા, માવજીભાઈ પુનાભાઈ ખાસા, હરિ કાનજીભાઈ ખાસા, બાબુભાઈ કાનજીભાઈ ગાગલ દ્વારા શિવમના અંગદાન માટે સહમતી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, આપણા ભારત દેશમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતમાં માણસનાં મૃત્યુ પછી ચક્ષુદાન, અંગદાન કે દેહદાન કરવાની જાગૃતતા ખુબ ઓછી છે. ક્યાંક સામાજિક કે ધાર્મિક બંધનોમાં રહીને વ્યક્તિના અંગદાનની કોઈ પહેલ કરતું નથી. મૃત્યુ પછી શરીર નીશ્ચેતન બની જાય છે. આવા સમયે શરીરમાં રહેલા અંગો કીડની, લીવર, હાર્ટ , ફેફસા વગેરે અંગોના ફેલ્યોર વાળા દર્દીઓને નવી જિંદગી આપી શકે છે. કોઈ બીમાર કે નિ:સહાય વ્યક્તિને કામ આવી શકે છે. ધારો કે કોઈ વ્યક્તિ અંધ છે અને અન્ય વ્યક્તિનું મૃત્યુ થયા પછી કે પહેલા એણે ચક્ષુદાનનું સંકલ્પ પત્ર ભરેલું છે તો તેની આંખો લઈને અંધ વ્યક્તિ ને આપવામાં આવે છે. જે વ્યક્તિ અંધ છે, જેણે આજ સુધી દુનિયા જોઈ જ નથી તે કોઈ મૃત્યુ પામેલ વ્યક્તતની આંખો થકી દુનિયાને જોઈ શકે છે. એજ રીતે અંગદાનમાં કોઈ વ્યક્તિનું બ્રેઈન ડેડ થઈ ગયું હોય પણ તેનાં સમગ્ર અંગો કાર્ય કરતા હોય તો તેનું હૃદય, બંને કીડની, લીવર, ફેફસાં, પેન્ક્રીયાસ વગેરેનું દાન કરવામાં આવે છે અને કોઈ બીમાર વ્યક્તિ કે જેના આ અંગોમાં કોઈ ખામી હોય અથવા આ અંગો નબળા પડી ગયા હોય તો તેનું ટ્રાન્સપ્લાન્ટ કરીને તે વ્યક્તિ ને કોઈ મોટી બીમારી કે બીમારીનાં કારણે અકાળે થતાં મૃત્યુ થી બચી શકે છે.

અંગદાન જાગૃતિ અંગે આજથી એક મહિના પહેલા અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના દિલીપભાઈ દેશમુખની હાજરીમાં આયુષ હોસ્પિટલ ખાતે ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના ડોકટરો અને આયુષ હોસ્પિટલના તમામ ડોકટરો અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો તેના પરિણામ સ્વરૂપ આજરોજ મોરબી જિલ્લાની કોઈ હોસ્પિટલમાં પ્રથમ કહી શકાય તેવું અંગદાન શક્ય બન્યું છે અને અંગદાનના પ્રથમ કિસ્સામાં શિવમભાઈની બન્ને કિડનીનું દાન જ્યઝઝઝ્ય ખાતેથી ફાળવવામાં આવેલ છે અને ફેફસાં તથા લીવરનું દાન ઊંઉ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યું છે.

અંગોનું રીટ્રાઇવલ માટે KD હોસ્પિટલના નિષ્ણાંત તબીબો ડો.અમિત શાહ , ડો. હાર્દિક યાદવ , ડો. મહેશ બી એન , ડો. રીતેશ પટેલ સહિત ટીમના ડોક્ટરોએ જહેમત ઉઠાવી હતી જેનું સંકલન નીખીલભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું દાન થયેલ અંગો સરળતાથી અમદાવાદ પહોંચી શકે તે માટે મોરબી પોલીસ વડા રાહુલ ત્રિપાઠીની સૂચના થી પી.આઇ વી.એમ.લગારિયાની ટીમ દ્વારા વહેલી સવારથી ગ્રીન કોરીડોર મારફતે અમદાવાદ પહોચાડવામાં આવેલ છે આ તમામ પ્રક્રિયામાં આયુષ હોસ્પિટલના સમગ્ર સ્ટાફ મિત્રોએ ખુબ જ સારો પરિશ્રમ કરી સહકાર આપેલ હતો.

આજના અંગદાન સમયે ભુજથી અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના દિલીપભાઈ દેશમુખ (દાદા), રાજકોટથી ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના ભાવનાબેન મંડલી, આરએસએસના પશ્ચિમ ક્ષેત્ર સંઘચાલક ડો.જયંતીભાઈ ભાડેસિયા, નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઇઝેશન જિલ્લા પ્રમુખ ડો વિજયભાઈ ગઢિયા, આયુષ હોસ્પિટલના ડાયરેક્ટર ડો ચેતન અઘારા, આહીર પરિવારના સ્નેહી ગણપતભાઈ રાજગોર , સામાજિક કાર્યકર્તા હર્ષિતભાઈ કાવર અને તપનભાઈ દવે સહિતનાઓએ પરિવારને સહૃદય સાંત્વના પાઠવી હતી.

# વોર્ડ નં.૫માં ૨.૩૦ કરોડના ખર્ચે શાળા નં.૭૨નું અધ્યતન બિલ્ડીંગ આકાર લેશે

## ફરી એક્વાર અનામન પ્લોટમાં હિંદુસ્તાન પેટ્રોલીયમ દ્વારા પેટ્રોલપંપ બનાવવા માટે જમીન વેંચાણથી આપવાની દરખાસ્ત ફગાવાઈ:સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ૫૬.૬૧ કરોડના નવા વિકાસકામોને મંજૂરી આપતા શાસકો

**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે રાજકોટ મનપાની સ્ટે.કમિટિની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી જેમાં ૫૬.૬૧ કરોડના નવા વિકાસ કામોને મંજૂર કરાયા હતા. ખાસ કરીને વોર્ડ.૫માં શાળા નં.૭૨નું નવું બાંધકામ કરવા માટે ૨.૩૦ કરોડની ફાળવણી કરાઈ હતી. જોકે જીએસટી સહિત કુલ આ રકમ ૨.૮૦ કરોડ થશે. આ માટે આરકે કન્સ્ટ્રકશન એજન્સીને કામ સોંપાયું છે. આ કામ આસરે ૧૬૦૦ચો.મી.માં થશે. વધુમાં રાજકોટ મનપાની હદમાં આવેલ ટીપીસ્કીમ અંતર્ગત



(તસ્વીરઃ આનંદ જાવિયા)



અનામન પ્લોટમાં પેટ્રોલપંપ બનાવવા માટે જમીન વેંચાણની હિંદુસ્તાન પેટ્રોલીયમની દરખાસ્ત શાસકોએ ફગાવી હતી.

આ અંગે ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતુ કે પેટ્રોલીયમ કંપની દ્વારા ૨૦૨૧ ના લેન્ડ કમિટિના ભાવો ભરાયા હતા. ત્રણ વર્ષ બાદ આ ભાવો ઉચકાયા છે. જેથી કંપનીની દરખાસ્તને માન્ય ન રાખી શકાય. તેઓએ વધુમાં જણાવ્યું હતુંકે ટુંક સમયમાં લેન્ડકમિટીની બેઠક મળશે ત્યારબાદ જે ભાવ નક્કી કરાશે તે પ્રમાણે દરખાસ્ત પર ધ્યાન દેવાશે. આજે મળેલી સ્ટેન્ડીંગ કમિટીની બેઠમાં અમૃત મિશન-૨ અંતર્ગત કુલ ૪૬.૬૧ કરોડના વિકાસ કામોને મંજૂરી અપાઈ હતી. વધુમાં વાવડી મેઈન રોડ પર દોઢ કરોડના ખર્ચે સિમેન્ટ રોડ બનાવાની દરખાસ્ત મંજૂર કરાઈ હતી. આજે કુલ ૪૨ દરખાસ્ત સ્ટેન્ડીંગ સમક્ષ મૂકાય હતી જેમાં ફક્ત એક દરખાસ્ત જ પેન્ડીંગ રખાઈ હતી.

આજે બેઠકમાં કર્મચારીના પરિવાર માટે મેડીકલ સહાય, જનભાગીદારીથી પેવીંગબ્લોગ નાખવાની દરખાસ્ત તેમજ પાણીની લાઈન નાખવાની દરખાસ્તને લીલીઝંડી અપાઈ હતી. કાર્યક્રમ ખર્ચ પાછળ થયેલા ૬૭ હજારની દરખાસ્ત મંજૂર કરાઈ હતી. જ્યારે વાહન ખરીદી પાછળ કુલ ૫૫.૮૬ લાખ ખર્ચાશે. આજે મળેલી બેઠકમાં સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો, અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા.

# રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની રેલનગરમાં ભવ્ય ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અયોધ્યા માં ભગવાન શ્રી રામ ના નવા મંદિર માં બિરાજમાન થવાનાં ભવ્ય મહોત્સવ ની સાથે-સાથે ૨૨ મી જાન્યુઆરી ના રોજ રાજકોટ ખાતે રેલનાગર ૩, શેરી નં ૩ ની મહિલાઓએ દિવાળી પર્વ ની જેમ જ આ પ્રસંગ ની ભાવપૂર્ણ ઉજવણી કરી હતી. શેરીમાં ઘરે ઘરે દીવા પ્રગટાવી ને રાંગોળી બનાવવામાં આવી હતી. આ ઉપરાંત આખી શેરી ને આકર્ષક રીતે શણગારવામાં આવી હતી જેમાં શેરી ના તમામ બહનો તથા ભાઈઓ એ ભાગ લીધો હતો. બધા ઘરોમાં રામ ભગવાન ની ધજા ફરકાવવામાં આવી હતી અને ઘરે ઘરે દિવાળી ના તેહવાર ની જેમ જ તોરણ બંધવામાં આવ્યા



હતાં અને ફટાકડા પણ ફોડવામાં આવ્યા હતાં. ત્યારબાદ શેરીમાં રામ ભગવાન ની મુર્તિ ને બિરાજમાન કરી બહનોએ ભજન ગયા હતાં અને સુંદરકાંડ નું પાઠ કર્યું હતું. સમગ્ર ઉજવણી માં શેરી ના બાળકો થી લઈને વૃદ્ધો સહિત સૌ એ ખુબજ ઉત્સાહ સાથે આ ઉજવણી માં ભાગ લીધો હતો.


# સનદી અધિકારી બનવા વાચન, મહેનત અને એકાગ્રતા ખૂબ જરૂરી: ઇન્ચાર્જ કલેકટર દેવ ચૌધરી

## રાજકોટ જિલ્લાની યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી. સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપનારી યુવતીઓ માટે 'કોફી વિથ ડીસ્ટ્રીક્ટ એડમિનિસ્ટ્રેશન'નો કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી ઇન્ચાર્જ જિલ્લા કલેક્ટર દેવ ચૌધરીના અધ્યક્ષસ્થાને પબેટી બચાઓ, બેટી પઢાઓથ યોજના અંતર્ગત 'કોફી વિથ ડિસ્ટ્રીક્ટ એડમિનીસ્ટ્રેશન' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આઇ.એ.એસ., આઈ.પી.એસ., જી.એસ.એસ., જી.એ.એસ. કેડરના અધિકારીઓએ ૨૫૦થી વધુ યુવતીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે સ્પીપા (સરદાર પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક એડમિનીસ્ટ્રેશન)ના નિષ્ણાંતશ્રી ડો. હિરેનભાઈ જોગીએ જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી. સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંદર્ભે



દીકરીઓને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. તેમજ વિદ્યાર્થીનીઓએ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી?, ક્યા વિષયને વધુ વેઇટેજ આપવું?, સમયનું મેનેજમેન્ટ કઈ રીતે કરવું?, માનસિક તાણનો સામનો કઈ રીતે કરવો?, એક્ઝામ ક્રેક કરવા માટે સ્ટ્રેટેજી શું હોવી જોઈએ? વગેરેનીને વિગતવાર ચર્ચા કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી (આઇ.એ.એસ.)એ પ્રેરણાત્મક પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતુંકે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતી દીકરીઓ અને વહીવટી તંત્રમાં ફરજ નિભાવતા અધિકારીઓ વચ્ચેના અંતરને દૂર કરવાનો આ સરસ અવસર છે. સનદી અધિકારી બનવા વાચન, મહેનત અને એકાગ્રતા ખૂબ જરૂરી છે. ઉચ્ચ હોદ્દેદારોએ સ્પર્ધાત્મક પરીક્ષા ઉતીર્ણ કરવાનો લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો છે, એ રીતે પરિશ્રમના સથવારે સ્પર્ધાત્મક પરીક્ષામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી શકાય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પદીકરો અને દીકરી એક સમાનથની નેમ સાથે દીકરીઓને પણ શિક્ષિત અને સશક્ત કરવા પ્રતિબદ્ધ છે. ત્યારે વહીવટી માળખા અને કામગીરીને સમજવાનો અને અધિકારીઓના જીવનસંઘર્ષ પરથી શીખ મેળવવાનો આહતવનો પ્રસંગ છે.

# ભેસાણમાં સોની બંધુઓ ગ્રાહકોનું કરોડોનું ફુલેકુ ફેરવી ફરાર

## જુના સામે નવા દાગીના બનાવી દેવાનું કહી દાગીના લઈ આખો પરિવાર ભૂગર્ભમાં ઉતરી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભેસાણમાં અમર જવેલર્સ નામે સોના ચાંદીના દાગીનાની પેઢી ધરાવતા વેપારી બંધુઓ ગ્રાહકોને વિશ્વાસમાં લઈને છેતરી કરોડો રૂપિયાની કિંમતનું સોનું તેમજ રોકડ ચાઉ કરી રફુચક્કર થઈ જતા ભોગ બનેલા ૨૦ ગ્રાહકોએ પોલીસ સ્ટેશનને ધસી જઈને પોલીસ સમક્ષ ફરિયાદ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જુની ધારીગુંદાળી ગામે રહેતા અને ભેસાણના એસ.ટી. મેઈન રોડ ઉપર શ્રી અમર જવેલર્સ નામની પેઢી ધરાવતા નિલેશ ધનજીભાઈ સમતા અને શૈલેષ ધનજીભાઈ સમતાએ પોતાના ગ્રાહકો અને ગામના લોકોને જુના સામે નવું સોનું આપવાનું તેમજ સોનામાં હોલમાર્ક કરી આપવાનું જણાવીને ગ્રાહકોને વિશ્વાસમાં લઈને કરોડોની કિંમત સોનુ એકત્ર કરી લીધું હતું. ત્યારબાદ તેઓ ગત તા.૧૫ ના રાત્રીના દુકાન -મકાનને તાળા મારીને આખા પરિવારને લઈને ક્યાંક ચાલ્યા ગયેલ છે. જેથી ભોગ બનેલા પરિવારોની સ્થિતિ જાય તો જાયે કહા જેવી બનવા પામી છે. આ બાબતે ભેસાણ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ ત્રાપસીયાએ પોલીસ સમક્ષ રજૂઆત કરીને આ બંને ભાઈઓને તાત્કાલિક પકડી પાડવા રજૂઆત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કરોડોના આંકડા માં છેતરપિંડી થઈ હોવાની શંકા સેવાઈ રહી છે. તાલુકાનાં ખજૂરી હડમતીયા, મોરવાડા, નવી ધારી ગુંદાળી, જૂની ધારી ગુંદાળી, ખારચીયા અને ભેસાણ સહિતના ગામોના ૨૦ લોકોએ પોલીસમાં અરજી કરી છે. આ અંગે ભેસાણના પીએસઆઈએ જણાવ્યુ હતુ કે આ ૨૦ લોકોની અરજી આવી છે જે અંગે તપાસ શરૂ કરી છે.

# રાજકોટ જિલ્લા જેલના અધિકારી અને કર્મચારી માટે મેડિકલ કેમ્પનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેલ અધિક્ષક શિવમ વર્મા(IPS)ની સુચનાથી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓ તેમજ તેમના પરીવારના સભ્યોનું નિષ્ણાંત તબીબો દ્વારા મેડીકલ ચેક-અપ થાય અને તમામનું સ્વાસ્થ્ય તંદુરસ્ત અને નિરોગી રહે તે માટે સિવિલ હોસ્પીટલ રાજકોટના વિવિધ રોગોના તજજ્ઞ ડોક્ટરો તેમજ જેલ દવાખાના ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફીસરશ્રીઓ તેમજ પેરા મેડીકલ સ્ટાફ દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૪ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસ ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ઈ.એન.ટી, ડેન્ટલ, આંખ, ઓર્થો, જનરલ સર્જન, ફિઝીસિયન, ચામડીના રોગ, ટી.બી, ઈ.સી.જી વિગેરે રોગોના તજજ્ઞો દ્વારા જરૂરીયાત મંદોને ચકાસી સારવાર તેમજ જરૂરીયાત મુજબની દવાઓ આપવામાં આવેલ હતી. આ કેમ્પમાં કુલ ૭૨ અધિકારી/કર્મચારીઓ તેમજ તેમના પરીવારના સભ્યોએ લાભ લીધેલ હતો. સદરહું કેમ્પ સફળતા પુર્વક પુર્ણ થયેલ હતો. જેલ અધિક્ષક શિવમ વર્મા(IPS) દ્વારા કેમ્પમાં ઉપસ્થિત રહેલ વિવિધ રોગોના તજજ્ઞ ડોક્ટરોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

# મોરબીના ૨૨ દિવ્યાંગ બાળકોના ઓડિયોગ્રામ રિપોર્ટ રાજકોટ અને જામનગર મેડિકલ કોલેજ ખાતે કરાવાયા

## એકસાથે ૨૨ દિવ્યાંગ બાળકોનાં ઓડીયોગ્રામ રિપોર્ટ રાજકોટ અને જામનગર મેડીકલ કોલેજ ખાતેથી કરાવી આપતા જીલ્લા વિકાસ અધિકારી દિગ્વિજયસિંહ ડી. જાડેજા

**મુખ્ય સમાચાર, મોરબી**

જીલ્લા વિકાસ અધિકારીશ્રી દિગ્વિજયસિંહ. ડી. જાડેજા નાં માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલ મોરબી ખાતે મોરબી જીલ્લા નાં દિવ્યાંગ બાળકો ને દીવ્યાંગતા પ્રમાણપત્ર આપવા માટે તારીખ : ૧૫/૦૧/૨૦૨૪ અને ૧૬/૦૧/૨૦૨૪ નાં રોજ સ્પેશ્યાલીસ્ટ ડોકટરો ની સેવા સાથે દિવ્યાંગતા પ્રમાણપત્ર કેમ્પ નું આયોજન કરવામાં આવેલ. જેમાં મોરબી જીલ્લા નાં કુલ - ૩૦ સાંભળવામાં તકલીફ હોય તેવા દિવ્યાંગ બાળકો નાં દિવ્યાંગતા પ્રમાણપત્ર UDID કાર્ડ આપવા માટે ઓડીયોગ્રામ રિપોર્ટ કરાવવાનું આવશ્યક જણાયેલ. જેના અનુસંધાને આજ તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ રાજકોટ અને : જામનગર મેડીકલ કોલેજ ખાતે કુલ ૨ ટીમ અને ૨ બસ નાં રૂટ બનાવીને મોકલવામાં આવેલ. આ બંને રૂટ માં





દિવ્યાંગ બાળકો નાં માતા પિતા પણ સાથે બેસીને રાજકોટ અને જામનગર ખાતે જઈ શકે તે માટે બસ તેમજ જમવાની અને નાસ્તા ની પણ વ્યવસ્થા જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલ. આ પ્રયત્નો થકી કુલ વવ દિવ્યાંગ બાળકો નાં ઓડીયોગ્રામ રિપોર્ટ સફળતાપૂર્વક કરાવવામાં આવ્યા.

# કાગવડ પાસે યુવાનની લાશ મળી: હત્યાની આશંકા

## યુવાનની લાશ ફોરેન્સીક પીએમ અર્થે રાજકોટ સિવિલમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરના મુળ ચાંપરાજપુરમાં રહેતા યુવાન ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા તેમને વિરપુર, ગોંડલ અને બાદમાં રાજકોટની સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. યુવકનાં હત્યાનો આક્ષેપ કરતા મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું હતું.

આ અંગેની માહિતી મુજબ વધુ વિગતો અનુસાર ચાંપરાજપુરમાં રહેતા શિવરાજભાઈ લખુભાઇ લાલુ (ઉ.વ.૩૫) નામના યુવાન રાત્રીના આઠેક વાગ્યે ગોંડલ-જેતપુર રોડ પર કાગવડ ગામના પાટીયા પાસે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા તેમને પ્રથમ વિરપુર, ગોંડલ અને બાદમાં રાજકોટની સિવિલ હોસ્પીટલમાં ખસેડાતા તેમનું સારવારમાં મોત નીપજયું હતું.

શીવરાજભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમે મોકલાયો હતો. તેમજ તેમના પરિવારે હત્યાનો આક્ષેપ કરતા મૃતદેહનું ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જો કે હાલ વિરપુર પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં બનાવ અકસ્માતનો હોવાનું જાણવા મળી રહ્યું છે.

શિવરાજભાઈ બે બહેનનો એકનો એક ભાઈ હતો. તેમને સંતાનમાં એક પુત્ર છે. પોતે સાડીના કારખાનામાં માર્કેટીંગનું કામ કરતો હતો અને પરિવારને પણ મદદરૂપ થતો હતો. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી મચી ગઈ છે. તેમજ પોલીસે બનાવની આજુબાજુનાં સીસીટીવી ફુટેજનાં આધારે તપાસ શરૂ કરી છે.

# જામનગર મનપા અને જિ.પં.ના આરોગ્ય વિભાગ દ્વારા કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ અને જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે કામદાર શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે જન્મજાત તૂટેલા હોઠ અને તૂટેલા તાળવા (ભહયરરિંહશા ભહયરિંફહફયિં) ની ખામી ધરાવતા બાળકો માટે પ્રાથમિક તપાસ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં મુથુટ પાપાચન ફાઉન્ડેશન અને મિશન સ્માઈલ સંસ્થા દ્વારા બાળકોની સર્જરી માટે





પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી અને ત્યારબાદ ૧૦ બાળકોને સર્જરી માટે રીફર કરવામાં આવ્યા હતા. આ તમામ ૧૦ બાળકોને સંસ્થા દ્વારા તેમના વાહનમાં રાજકોટ લઈ જવામાં આવ્યા છે.આ બાળકોનું રાજકોટની ગોકુળ હોસ્પિટલ ખાતે ઓપરેશન માટે રીફર કર્યા છે. આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન અને સંચાલન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, જિલ્લા આર.સી.એચ. અધિકારી ડો.નૂપુર પ્રસાદ, ડી.પી.સી. યગ્નેશ ખારેચા, જામનગર જિલ્લા અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જિલ્લા માહિતી કચેરી મોરબી ખાતે ફેલો તરીકે કાર્યરત માનસીબેન નળિયાપરાને ભાવભીનું વિદાયમાન અપાયું

## સરકારની ફેલોશીપ યોજના હેઠળ નવા ફેલો તરીકે આવેલા હિતેશ્રી દવેનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** જિલ્લા માહિતી કચેરી મોરબી ખાતે સરકારશ્રીની ફેલોશીપ યોજના હેઠળ છેલ્લા એક વર્ષથી ફેલો તરીકે કાર્યરત માનસીબેન નળિયાપરાની ફેલોશીપ પૂર્ણ થતા જિલ્લા માહિતી પરિવાર દ્વારા ભાવભીનું વિદાયમાં આપવામાં આવ્યું હતું. જ્યારે ફેલોશીપ યોજના હેઠળ નવા ફેલો તરીકે આવેલા હિતેશ્રી દવેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા ગુજરાતમાં આવેલી તમામ યુનિવર્સિટીઓમાં માસ્ટર્સ ઇન જર્નાલિઝમ તથા બેચલર ઇન જર્નાલિઝમમાં અભ્યાસ પૂર્ણ કરી રેન્ક મેળવેલા ઉમેદવારોની યાદી મંગાવવામાં આવે છે. આ યાદી માંથી ટોપ ૨૦ ઉમેદવારોને વિવિધ જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ફેલોશીપ યોજના હેઠળ માહિતી વિભાગની કામગીરી શીખવા માટે



કાર્યરત કરવામાં આવે છે. જે અન્વયે માસ્ટર ઇન જર્નાલિઝમ પૂર્ણ કરેલા ઉમેદવારને ૨૦ હજાર તેમજ બેચલર ઇન જર્નાલિઝમ પૂર્ણ કરેલા ઉમેદવારોને ૧૫ હજાર સ્ટાઈપેંડ તરીકે ચૂકવવામાં આવે છે.

આ પ્રસંગે માનસીબેન નળિયાપરાએ વર્ષ દરમિયાન તેમના અનુભવો તેમજ તેમણે શીખેલી કામગીરી વિશે વાત કરી હતી. ઉપસ્થિત સૌએ તેમની સાથેના વર્ષ દરમિયાનના સંસ્મરણો વાગોળ્યા હતા તેમજ તેમને ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. હિતેશ્રી દવેને પણ સૌએ આવકાર આપી ફેલોશીપ યોજના હેઠળ પસંદ થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના સહાયક માહિતી નિયામકશ્રી ઘનશ્યામ પેડવા, માહિતી મદદનીશશ્રી બળવંતસિંહ જાડેજા, ફિલ્મ ઓપરેટર ભરતભાઈ ફુલતરીયા, સિનિયર ક્લાર્કશ્રી એ.પી. ગઢવી, જુનિયર ક્લાર્કશ્રી જય રાજપરા, ફોટોગ્રાફર પ્રવીણ સનાળિયા તેમજ અન્ય સ્ટાફમાં કિશોરપરી બી. ગોસ્વામી, જયેશ વ્યાસ, અજય મુછડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢઃતોડકાંડ મામલે એસઓજીના પીઆઈ અને એએસઆઈ સસ્પેન્ડ

## ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં મહારાષ્ટ્રના વેપારીનું એકાઉન્ટ સીઝ કરી તોડ કર્યાની રેન્જ આઈજીને અરજી કરવામાં આવતા આકરા પગલા લેવાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

જુનાગઢ પોલીસની એસઓજી શાખામાં પીઆઈ અને એએસઆઈ કરેલા તોડકાંડના પગલે રેન્જ આઈજીએ બંનેને સસ્પેન્ડ કરતા પોલીસબેડામાં હડકંપ મચી જવા પામ્યો છે.

આ અંગેની જાણવા મળતી માહિતી મુજબ ઓનલાઈન છેતરપિંડીના અનેક કેસ સામે આવી રહયાં છે. જેની તપાસ જુનાગઢ પોલીસ સામાન્ય રીતે સાયબર સેલને સોંપવામાં આવતી હોય ત્યારે અમુક કિસ્સામાં પોલીસ પાસે આવો કેસ આવતા પોલીસે કેટલાક બેંક ખાતા સીઝ કરી દીધા હોય જેના પગલે મહારાષ્ટ્રના



એક વેપારીનું ખાતુ પણ સીઝ કરી દેવામાં આવ્યું હતું પરંતુ આ વેપારીનું ઓનલાઈન ફ્રોડ સાથે કાંઈ લાગતુ વળગતુ ન હોય જેથી તેણે બેંક શાખાનો સંપર્ક કરતા તેને પોલીસનો સંપર્ક કરવાનું જણાવ્યું હતું જેથી મહારાષ્ટ્રના વેપારીએ જુનાગઢ પોલીસનો સંપર્ક કરી. એસઓજી શાખાના પીઆઈ એ.એમ.ગોહિલ અને એએસઆઈ ડી.જી.જાની નો સંપર્ક કરતા ખાતાઓ ચાલુ કરવા મોટી રકમની માંગ કરી હતી. પરંતુ વેપારી નિર્દોસ હોય અને ઓનલાઈન ફ્રોડના કેસમાં તેને કોઈપણ પ્રકારનું લેવાદેવા ન હોય જેથી પૈસા કેવી રીતના આપે જેથી વેપારીએ રેન્જ આઈજીને અરજી કરી હતી. જેના પગલે રેન્જ આઈજી નિલેશ જાંજડીયાએ કેસની ગંભીરતા ને ધ્યાને લઈ તાત્કાલીક ધોરણે એસઓજીના પી.આઈ.ગોહિલ અને એએસઆઈ જાનીને ફરજ મુક્ત કરી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

# એસ્ટ્રોન ચોક, હનુમાનમઢી અને નવાગામમાં ક્રિકેટ સટ્ટાનું મસમોટું નેટવર્ક ઝડપાયું

## ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે દરોડા પાડી ત્રણ શખ્સોને દબોચી લઈ રૂ.૧૧.૬૫ લાખની રોકડ કબજે કરીઃનામચીન બુકી તેજસ રાજદેવ સહિત ત્રણ બુકીના નામ ખુલ્યાઃતપાસનો ધમધમાટ શરૂ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં પોલીસની મીઠી નજર હેઠળ સિસ્ટમમાં આવતા ધંધાઓની મંજૂરી આપી હોવાની ચર્ચાઓને સમર્થન મળે તેવી ઘટના પ્રકાશમાં આવી છે.શહેરમાં ચાલતા ક્રિકેટ સટ્ટાનું મસમોટુ નેટવર્ક ઝડપી લેવામાં ક્રાઈમ બ્રાંચની ટીમને સફળતા મળી છે. પોલીસે એસ્ટ્રોન ચોક, હનુમાનમઢી અને નવાગામમાં દરોડા પાડી ત્રણ શખ્સોને દબોચી લઈ રૂ.૧૧.૬૫ લાખની રોકડ કબ્જે કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ બી.ટી.ગોહિલ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

પીએઆઈ ગરચર સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે એસ્ટ્રોન ચોક પાસે દરોડો પાડી સુકેતુ ભુતા અને ત્યારબાદ હનુમાનમઢી પાસે ભાવેશ ખખ્ખર અને નવાગામ બસસ્ટેશન પાસે નિશાંત ચગ નામના ત્રણ શખ્સોને ક્રિકેટ સટ્ટો રમતા પોલીસે દબોચી લઈ રોકડા રૂ.૧૧.૬૫ લાખ કબજે કર્યા હતા. ઝડપાયેલા ત્રણેય શખ્સોની આકરી પૂછપરછ કરતા તેની પાસેથી ચેરીબેટ અને મેજીંક એકસચેન્જ નામની ઓનલાઈન માસ્ટર આઈડી મળી આવી હતી. જેમાં કરોડોના વ્યવહારો લેવડદેવડ થઈ હતી. આઈડી તેજસ રાજુ રાજદેવ તથા મોન્ટીયો ઉર્ફે અમિત પોપટ ઉર્ફે ખમણ અને નિરવ પોપટ સહિત નામચીન બુકીઓના નામ ખુલ્યા હતા.

પોલીસની વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે ક્રિકેટ સટ્ટાનું મસમોટું નેટવર્ક ચલાવતો તેજસ રાજદેવ, મોન્ટીયો, નિરવ, દિપક નામના બુકીઓ સટ્ટા બજારમાં મોટી ઓળખ ઉભી કરી છે. તેવું જાણવા મળ્યું હતું. પોલીસે આ નામચીન બુકીઓના ઓફિસ અને ઘર પર દરોડા પાડતા તે નાસી ગયા હતા. તપાસ દરમિયાન વધુ બુકીઓ ના નામ ખુલે તેવી શંકા વર્તાય રહી છે.

# જૂનાગઢમાં પીએસઆઈએ યુવાનને બેફામ મારમારતા અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મોત

## પીએસઆઈ સામે હત્યાની કોશિષનો ગુનો નોંધાયા બાદ યુવકનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયોઃ ધરપકડ કરવા તજવીજ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ પોલીસ વિભાગને ડાઘ લાગે તેવો કિસ્સો પોલીસના જ દફતરે નોંધાયો છે, છેતરપીંડીના કેસના એક આરોપી યુવાનને રિમાન્ડ દરમિયાન પીએસઆઈએ એટલી હદે માર્યો કે તે યુવક અમદાવાદમાં વેન્ટીલેટર ઉપર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે, આ કેસની કોર્ટે ગંભીરતાથી નોધ લેતા જવાબદાર પીએસઆઈ સામે હત્યાની કોશિષનો ગુન્હો દાખલ કરવામાં આવ્યા બાદ યુવાનને અમદાવાદ સિવિલ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો.



આ અંગેની માહિતી મુજબ અમદાવાદમાં તેજલપુરમાં રહેતા અને વ્યાસપુર ભાઠા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા બ્રિજેશ લખમણભાઈ જાદવની ફરિયાદ પરથી જૂનાગઢ બી ડિવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ મુકેશ.કે.મકવાણા સામે આઈપીસી કલમ ૩૦૭, ૩૩૧ અન્વયે ગુન્હો નોધવામાં આવ્યો છે, જે ફરિયાદમાં એવું જણાવ્યું છે કે, બ્રિજેશનો નાનો ભાઈ હર્ષિલ જાદવ ઉ.૪૩ સુરતમાં પરિવાર સાથે રહે છે, તે જૂ ત્યાં તનિષ્કા નામની ટુર પેકેજનો ધંધો કરે છે, ત્યારે જૂનાગઢના એક નાગરિકે તેની સાથે ટુરના પેકેજના નામે છેતરપીંડી કરી હોવાની ફરિયાદ બી ડિવીઝન પોલીસમાં નોંધાવી હતી.

જે કેસમાં બી ડિવીઝન પોલીસે હર્ષિલ જાદવનો ગત તા.૯ જાન્યુઆરીની રાતે અમદાવાદ બોડકદેવ પોલીસ સ્ટેશનથી કબજો લઈને જૂનાગઢ લાવી હતી, અહી બી ડિવીઝન પીએસઆઈ એમ.કે.મકવાણા પાસે તપાસ હતી, તેમણે હર્ષિલને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેને પોલીસ રિમાન્ડ પર સોપ્યો હતો, રિમાન્ડ મેળવી પીએસઆઈ મકવાણા પોલીસ સ્ટેશન આવ્યા અને હર્ષિલના ભાઈ બ્રિજેશને ઓફિસમાં બોલાવી કેસ સરળ કરવા અને માર ન મારવાના બદલામાં પાંચ લાખની લાંચ માંગી હતી પરંતુ આવડી મોટી રકમ અંગે આજીજી કરતા અંતે પીએસઆઈએ પહેલા ચાર લાખ બાદમાં ત્રણ લાખ આપી દેવા જણાવ્યું હતું. પરંતુ પરિવાર આ રકમ પણ આપી શકે તેમ ના હોય પોલીસ સ્ટેશનથી હર્ષિલનો ભાઈ નીકળી ગયો હતો. બીજા દિવસથી હર્ષિલને મળવા પર પોલીસે પાબંધી લગાવી દીધી હતી. રિમાન્ડ પુરા થતા હર્ષિલને પીએસઆઈ મકવાણા રીક્ષામાં કોર્ટે પહોંચ્યા હતા ત્યાં બ્રિજેશે જોયું કે તેના ભાઈના માથા ઉપર પટી મારી હતી અને તે ચાલી પણ શકતો ના હતો. જેથી બંને ભાઈઓએ તેને ખંભે ઉંચકીને કોર્ટમાં લઈ ગયા હતા, ત્યાં કોર્ટમાં જજે હર્ષિલને પૂછ્યું પોલીસે માર મારેલ છે, તો હર્ષિલે કોર્ટને જણાવ્યું કે, પીએસઆઈ મકવાણાએ તેને ધોકા અને પટ્ટા વડે માર મારેલ છે, જેથી કોર્ટે પીએસઆઈનો ઉધડો લીધો અને કહ્યું કે, યુવાનને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જાવ. કોર્ટનો આદેશ છતાં પીએસઆઈ હર્ષિલને સિવિલમાં લઈ જવાને બદલે જિલ્લા જેલમાં લઈ ગયા હતા. પરંતુ અહી જૂનાગઢ જેલના સ્ટાફે જોયું કે, હર્ષિલની હાલત નાજુક હતી, જેથી તેને તાકીદે પહેલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો અહીં ડોકટરોએ તપાસતા એવું બહાર આવ્યું કે, હર્ષિલને ધોકા વડે માર મારતા તેના ડાબા પગના લીગાયમેન્ટ ફાટી ગયેલ અને જમણા પગમાં ફેકચર આવ્યું હતું. ત્યાર બાદ હર્ષિલને બીજા દિવસે જામીન મળી જતા તેને અમદાવાદ ભાઈના ઘરે લાવ્યા હતા. પરંતુ અહી તેની તબિયત લથડતા તેને અસારવા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

અહી પગમાં લીગાયમેન્ટ ફાટી જવાથી હર્ષિલના બ્લડના કલોટીંગ થઈ જતા તે છુટા પડી હૃદય અને ફેફ્સા અને ધમની બાજુ ફ્સાઈ ગયેલ જેના પરિણામે હર્ષિલને હૃદયમાં બ્લડ ઓછુ પહોંચતા તેને હાલ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં આઈસીયુમાં વેન્ટીલેટર ઉપર રાખવામાં આવ્યો છે, આ કેસ અંગે હર્ષિલના ભાઈએ કોર્ટનો સહારો લઈને તેના ભાઈને માર માર્યાની અરજી કરતા કોર્ટના આદેશથી જૂનાગઢ પોલીસ સફાળી જાગી હતી અને લીવ રિઝર્વ પી. આઈ. નિરવ શાહને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રાત્રે જ ફરિયાદ લેવા માટે રૂબરૂ મોકલ્યા અને હર્ષિલના ભાઈ બ્રિજેશ જાદવની ફરિયાદ લઈને જૂનાગઢ બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ એમ. કે.મકવાણા સામે આઈપીસી કલમ ૩૦૭, ૩૩૧ અન્વયે ગુન્હો દાખલ કરવામાં આવ્યા બાદ આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં યુવકનું મોત નિપજયું હતું અને બનાવ હત્યામાં પલ્ટાતા પીએસઆઈની ધરપકડ થવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગૌતમનગરમાં ૬૬ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડઃએક ફરાર

## મનહરપૂરમાં ખાખરાના કારખાનામાંથી ગેસના બાટલા અને તેલના ડબ્બાની ચોરી કરનાર ચાર પકડાયાઃવિદેશી દારૂના ગુનામાં નાસતો ફરતો બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ભરાડ સ્કૂલની બાજમાં આવેલ ગૌતમનગરમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમે વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને દબોચી લઈ નાસી ગયેલા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલાની સુચના થી હેડ કોન્સ્ટેબલ મૌલીકભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે ચોક્કસ બાતમીના આધારે ભરાડ સ્કૂલની બાજુમાં આવેલ ગૌતમનગર શેરી.૩માં રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૬૬ બોટલ સાથે ઈમરાન અબ્દુલ ચોધરી નામના શખ્સની ધરપકડ કરી રૂ.૪૩ હજારનો મુામાલ કબજે કરી આકરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો લક્ષ્મીનગર શેરી.૨માં રહેતો ચેંશ ચેતન ચૌહાણ



નામનો શખ્સ આપી ગયાની કબૂલાત આપતા પોલીસે ચેંશ નામના બુટલેગરની શોધખોળ શરૂ કરી છે. જ્યારે અન્ય એક બનાવમાં હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, અમિનભાઈ ભુલર તથા મનિષભાઈ શોઢિયા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન માધાપર ચોકડી પાસે જામનગર રોડ પર ચોરાઉ ગેસના બાટલા અને તેલના ડબ્બા વેંચવા નિકળેલો વિવેક રસિક બોહક્યિા, ધવલ જગદીશ રીબડીયા, દશરથ ઉર્ફે ભયુ દિનેશ બાબરીયા તથા અલ્પેશ રમેશ વાઘેલા નામના ચારેય શખ્સોને દબોચી લઈ આકરી પૂછપરછ કરતા આ શખ્સોએ થોડાક દિવસ પહેલા મનહરપૂર ઉમિયાધાર ખાતે આવેલ આગમન ફૂડ નામના ખાખરાના કારખાનામાંથી ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.

જ્યારે ક્રાઈમ બ્રાંચના એએસઆઈ રણજીતસિંહ તથા કોન્સ્ટેબલ કુલદીપસિંહ સહિતના સ્ટાફે વિદેશી દરૂના ગુનામાં નાસતો ફરતો ઢાંઢીયા ગામનો હરજી કુરજી ઝાલા નામના બુટલેગરને દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જસદણમાં નામચીન શખ્સની આણી ટોળકીને યુવાનનું અપહરણ કરી મારમાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણની ખાનગી હોસ્પિટલના કર્મચારીનું યુવાનનું અપહરણ કરી મારમારવાના ગુનામાં સંડોવાયેલ ત્રણેય આરોપીને જસદણ પોલીસે ઝડપી લઈ રિમાન્ડ મેળવવા વિશેષ તપાસ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જસદણમાં ચિતલીયા રોડ પાસે રહેતા દીપેન ઉર્ફે લાલાભાઇ વિનોદભાઈ ઠુંમર (ઉ.વ ૩૬) ફરિયાદને આધારે રાજવીર ઉર્ફે રાજો બીશુભાઈ વાળા, નીલરાજ શાતુભાઈ ખાચર અને રવિરાજ ઉર્ફે ભગત ઉમેદભાઈ ગીડા સામે ગુનો નોંધ્યો હતો. જસદણની ડોક્ટર રામાણીની હોસ્પિટલના સ્ટાફ યોગેશભાઈ સહિત ત્રણ સાથે ઝપાઝપી કરતા હતા અને આરોપીઓ કહેતા હતા કે, ક્યાં તમારો રામાણી તેને પતાવી દેવા છે. દિપેન ત્યાં હોસ્પિટલે પહોંચ્યો ત્યારે તેનું યુવાનનું ફોરચ્યુનર કારમાં અપહરણ કરી વીંછિયા રોડ ત્યાંથી લીલાપર રોડ પર લઈ ગયા હતા. રસ્તામાં પણ ચાલુ વાહને હવામાં એક રાઉન્ડ ફાયરિંગ ક્યુ હતું અને ડોકટર રામાણી સાથે વાત કરી હતી.

ડોકટર રામણીએ પણ દિપેનને છોડી દેવા વિનંતી કરી હતી. ડોકટર રામાણીએ દીપકભાઈ ગીડાને ફોન કરતા દિપેનને મુક્ત કર્યો હતો આ મામલે પોલીસ ફરિયાદ નોંધાતા જસદણ પોલીસે અપહરણ આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ત્રણેય આરોપીઓ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ચુનારાવાડમાં નશાખોર પુત્રએ મારમારતા ઘવાયેલા પિતાનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચુનારાવાડ નજીક કુબલીયા પરામાં રહેતા આધેડ સાથે સગ્ગા પુત્રએ ઝગડો કરી મારકેટ કરી દિવાલ સાથે માથા અથડાવતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા જે બનાવમાં થોરાળા પોલીસે હત્યાની કોશીષ સહીતનો ગુનો નોંધી આરોપી પુત્રની ધરપકડ કરી જેલ હવાલે કરયો હતો દરમ્યાન ઘવાયેલા આધેડનુ સારવાર દરમ્યાન મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. જે બનાવમાં પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ કુબલીયા પરામાં રહેતા અશોકભાઈ શંભુભાઈ સોલંકી (ઉં.૫૨) ગત તા. ૧૪ ના રોજ મકર સંક્રાતના તહેવારમાં રાત્રીના નશો કરી ઘેર આવેલા તેના પુત્ર અશ્વિન ઉર્ફે બાઠીયોને ઠપકો આપતા તેને ઝગડો કરી દિવાલ સાથે માથા અથડાવી નાસી જતા ગંભીર રીતે ઘવાયેલા અશોકભાઈને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા પીઆઈ બી. એમ. જનકાંત સહીતના સ્ટાફે તપાસ કરતા મજુરીકામ કરતા હોવાનુ અને તેનો પુત્ર અશ્વિન નશો કરવાની ટેવ વાળો હોય તહેવારમાં નશો કરી ઘેર આવતા તેના પિતાએ ઠપકો આપતા આ બનાવ બન્યો હોવાનુ બહાર આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો દરમ્યાન થવાયેલા આધેડનુ સારવારમાં મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. પોલીસે આરોપી પુત્ર સામે હત્યાની કલમનો ઉમેરો કરી વધુ કાર્યવાહી કરી હતી.

# ન્યુ કોલેજવાડીમાં વકિલ ઉપર હુમલો કરનાર શખ્સ એક વર્ષે ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ન્યુ કોલેજવાડીમાં રહેતા સરકારી વકીલ ઉપર જીવલેણ હુમલો કરવાના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ડીસીબીની ટીમે બાતમી આધારે દબોચી લઈ પ્રનગર પોલીસને કબજો સોપ્યો છે સોસાયટીના પ્લોટમાં ફેન્સીંગ બાંધી કબજો કરી લેતા આ દબાણ અંગે અરજી કરી હોવાનો ખાર રાખી હુમલો કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ શહેરની ન્યુ કોલેજવાડીમાં રહેતા અને સરકારી વકીલ તરીકે પ્રેક્ટીસ કરતા મહેશભાઈ



સોમનાથભાઈ જોષી ઉ.૫૫ ગત તારીખ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પોતાના ઘરે હતા ત્યારે અનીશ આમદભાઈ જુણેજાએ ગાળો ભાંડી, ઝઘડો કરી, પથ્થર ઉગામી, ધક્કો મારી દેતા ફેન્સીંગના તાર મહેશભાઈને લાગી ગયા હતા આ અંગે પ્રનગર પોલીસ મથકમાં હત્યાની કોશિષ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપીએ સોસાયટીના પ્લોટમાં કબજો કરી લીધો હોય તે અંગે કોર્પોરેશનમાં વકીલએ અરજી કરી હોય તેનો ખાર રાખીને આ હુમલો કર્યો હોવાનું જણાવ્યું હતું વકીલ ઉપર જીવલેણ હુમલો કરી નાસી છુટેલ અનીશ જુણેજાને ડીસીબી પીએસઆઈ એન ડી ડામોર અને ટીમે બાતમી આધારે દબોચી લઇ પ્રનગર પોલીસને કબજો સોપ્યો હતો.

# જૂનાગઢના નશાખોર પતિએ પત્નીને મારમારી કાઢી મુકી

## પ્રેમલગ્ન કરનાર યુવતીની વ્હારે ૧૮૧ની ટીમ આવી સુખદ સમાધાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

પરપ્રાંતની એક યુવતીએ જુનાગઢના યુવાન સાથે પ્રેમલગ્ન કર્યા હતા અને આ યુવાન નશાની હાલતમાં અવારનવાર પત્નીને મારતો હતો એટલું જ નહીં પરંતુ ઘરેથી કાઢી મૂકી હતી તેથી પોરબંદર ૧૮૧ની ટીમે તે મહિલાનું તેના પતિ સાથે સુખદ સમાધાન અને કાઉન્સેલીંગ કર્યા હતા.

આ અંગેની માહિતી મુજબ પોરબંદર સીટીના લીમડાચોક વિસ્તારમાંથી એક જાગૃત નાગરિકે ૧૮૧ મહિલા હેલ્પલાઈન નંબર પર ફોન કરી જણાવ્યું કે એક મહિલા અડધો કલાકથી અહીયા બેઠા-બેઠા રડે છે અને તેઓ એકલા જ છે. તો તમો એમની મદદ માટે આવો. કોલ મળતાની સાથે પોરબંદર અભયમ ટીમ તાત્કાલિક



મહિલાની મદદ માટે પહોંચી જઈ ને મહિલાને પ્રાત્સાહન આપ્યું. કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે મહિલા મહારાષ્ટ્ર ના છે. અહીંયા મજુરી કામ માટે આવેલા અહીંયા તેઓ અજાણ્યા હતા તેઓ કયા હતા

તેમની પણ તેમને ખબર ન હતી. તેમને આઠ માસ પહેલા તેમની જ સાથે મજુરી કરતા જુનાગઢ ના એક યુવક સાથે પ્રેમ થતા તેમની સાથે પ્રેમ લગ્ન કરેલા હતા. અભયમ ટીમે મહિલાને સાંત્વના આપી સેફટી પ્લાન વિશે સમજણ આપી મહિલા એ જણાવેલ કે તમો મારા પતિને સમજાવો કે મને સારી રીતે રાખે અને હેરાનગતિ ના કરે. તેમના પતિને નશો કરવાની આદત હોવાથી વારંવાર નશો કરીને ઘરે આવી મહિલાને અપશબ્દ બોલતા મારઝુટ કરતા ઘરખર્ચ માટે પુરતા પૈસા પણ આપતા નહીં અને ઘરેથી જતી રહેવાનું કહેતા ૧૮૧ અભયમ ટીમે મહિલાના પતિ ને સમજાવ્યા તેમની જવાબદારીનું ભાન કરાવેલ. કાયદાકીય સમજણ આપી. ૧૮૧ ટીમના કુશળ કાઉન્સેલીંગ બાદ પતિ- પત્નીનું સમજુતીથી સુખદ સમાધાન કરાવેલ અને જરૂરી માર્ગદર્શન આપેલ હતું અને તેથી અંતે બંને વચ્ચે સમાધાન થતા રાહતની લાગણી જોવા મળી છે.

# પેડક રોડ પર બાલક હનુમાન મંદિર પાસે બાળકના કાનનું રૂા.૧૩ લાખનું મશીન ગુમ થયુ

## બાળકની બહેરાશ દુર કરવા ઓપરેશન કરાયુંઃ સરકારી સહાયથી મશીન મુકાયુ હતુંઃ પરત આપવા અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીડેમ ચોકડી પાસે માન સરોવર પાર્કમાં રહેતાં પરિવારના ૪ વર્ષના દિકરા ધનુષને બહેરાશ હોઈ તેનું અમદાવાદમાં ઓપરેશન કરાવી તે સાંભળી શકે તે માટેનું આશરે તેર લાખની કિંમનું મશીન સરકાર તરફથી ફીટ કરી અપાયું હતું. એ મશીન સોમવારે રાતે પેડક રોડ પરના બાલક હનુમાનજી મંદિર ખાતે આ બાળક તેના માતા સાથે દર્શન કરવા ગયો ત્યારે કાનમાંથી પડી જતાં ગૂમ થયું છે અથવા તો કોઈએ કાઢી લીધું છે. આ મશીન ગૂમ થઇ જતાં બાળક સાંભળતા બંધ થઈ ગયો છે. આથી પરિવારે અપીલ કરી છે કે કોઈને પણ આ મશીન મળે તો પરત કરવું.

ચાર વર્ષના ધનુષને લઈને માતા નિકીતાબેન દિપકભાઈ ચાવડા ગત સાંજે પેડક રોડ પરના શ્રી બાલક હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયા હતાં. છદર્શન કરીને સાડા આઠેક વાગ્યે બહાર નીકળ્યા અને રસ્તો ઓળંગી સામેની સાઈડ પર ગયા ત્યારે નિકીતાબેનને ખબર પડી હતી કે તેના દિકરા ધનુષના જમણા કાન પર ફીટ



કરેલું મશીન (તસ્વીરમાં દેખાય છે તે) ગાયબ છે. આથી તેઓ તુરત જ પરત મંદિર તરફ ગયા હતાં અને ત્યાં ખુબ શોધખોળ કરી હતી. મંદિરના કાર્યકરો અને ભાવિકો પણ આ મશીનને શોધવા માટે કામે લાગ્યા હતાં. કલાકો સુધી શોધખોળ કરી હતી. પરંતુ મશીન ન મળતાં બાળક સાંભળતો બંધ થઇ ગયો છે અને પરિવારજનોની ચિંતા વધી ગઇ છે. મંદિરમાંથી નીકળ્યા ત્યાં સુધી મશીન કાન પર હતું તે સીસીટીવીમાં દેખાય છે. એ પછી ગૂમ થયું હતું.

અમદાવાદ ખાતે બે વર્ષ પહેલા પોલીયો ફાઉન્ડેશન દ્વારા યોજાયેલા કેમ્પમાં ધનુષને ઓપરેશન કરી આ મશીન ફીટ કરી અપાયું હતું. મશીનનો એક ભાગ કાનની અંદર હોય છે અને બીજો ભાગ બહાર રાખવાનો હોય છે. બહારના અને અંદરના બંને ભાગના સંપર્કને કારણે બાળક સાંભળી શકે છે. પરંતુ બહારની તરફનું મશીન ગૂમ થઈ ગયું. હોઈ પરિવારજનો આજે પણ મશીન શોધવા મંદિર ખાતે પહોંચ્યા ગયું હાઈ હતાં. તસ્વીરમાં જેના ક જેના કાન પરથી મશીન ગૂમ થયું તે બાળક ધનુષ અને જે મશીન ગૂમ થયું છે તે જોઈ શકાય છે. આ મશીન બીજા કોઈને કંઈ કામ આવી શકે તેમ નર્થી. આથી કોઈને પણ મળે તો શ્રી બાલક હનુમાનજી મંદિર ખાતે આપવા અથવા મોબાઈલ નંબર ૮૮૬૬૮ ૬૮૮૩૯ અથવા ૯૫૫૮૩૯૩૦૩૨ ઉપર જાણ કરવા જણાવાયું છે. પોલીસને પણ અરજી કરવામાં આવી છે.

# લોહાનગર મહિલાનું બેભાન હાલતમાં મોતઃ ચાર પુત્રીએ માતાની છત્રછાયા ગુમાવી

## આજી ડેમ ચોકડી પાસે કારખાનામાં ઢળી પડતા શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ચાર દીકરીઓએ માતાનું અને બે સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરના લોહાનગરમાં રહેતા સોનલબેન મનોજભાઈ દેકાવાડીયા ઉ.૪૩ રાત્રે દસેક વાગ્યે ઘરે હતા ત્યારે અચાનક જ બેભાન થઇ જતા સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા પરંતુ અહીં ફરજ પરના તબીબોએ હાર્ટએટેકથી મોત જાહેર કરતા એ ડીવીઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં મૃતકના પતિ ભંગારનો વેપાર કરતા હોવાનું જાણવા મળ્યું છે મહિલાના મોતથી ચાર દીકરીઓએ માતાનું છત્ર ગુમાવ્યું છે જયારે આજી ડેમ ચોકડી નજીક ભૂમિ કાસ્ટિંગમાં રહી કામ કરતા મૂળ યુપીના દેશરાજભાઈ બાલેભાઈ પાસવાન ઉ.૫૨ સવારે કારખાનામાં જ ઢળી પડતા હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા પરંતુ સારવાર મળે તે પૂર્વે જ મૃત્યુ નીપજ્યું હતું આજી ડેમ પોલીસની તપાસમાં હાર્ટએટેકથી મોત થયાનું અને સંતાનમાં એક પૂત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

# લોધીકાના તરવડા ગામે યુવતીનો આપઘાતનો પ્રયાસ

## મંગેતરે ફોન પર વાત નહીં કરતાં યુવતીને માઠુ લાગી આવતા ઝેરી દવા પી આત્મહત્યાનો કર્યો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાના તરવડામાં લાલાની વાડીમાં રહેતી યુવતીએ ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા તેણીને સારવારમાં ખસેડાઈ હતી. આ બનાવ અંગે લોધીકા પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી કરી છે.

બનાવની વિગતો મુજબ લોધીકાના તરવડા ગામે પરિવાર સાથે ખેત મજૂરી કરતી જયશ્રી સુખદેવભાઈ બારીયા (ઉ.વ.૧૮) નામની યુવતીએ ઝેરી દવા પી જતાં તેમને સારવાર માટે અત્રેની સિવિલમાં ખસેડાઈ છે. જયશ્રી ત્રણ બહેન એક ભાઈમાં નાની છે. તેઓ મુળ પાવાગઢનાં વતની છે.

તેમના પરિવારે જણાવ્યું હતું કે, જયશ્રીની વતનમાં રહેતા યુવક સાથે સગાઈ કરી છે. તેમનો મંગેર મહેશ મોબાઇલમાં વાત ન કરતાં આ પગલુ ભરી લીધાનું જણાવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT